Liberty Equality Fraternity

Babasaheb Dr. B. R. Ambedkar Centre
(Estb. : Govt. of Gujarat)
Saurashtra University, Rajkot-5

Re-Accredited Grade 'A' by NAAC

Prof. (Dr.) Raja N. Kathad
Chairman

Ref. BAC/37-45/20 Date : 20/09/2017

# પ્રથમ સલાહકાર સમિતિ બેઠકનો અહેવાલ

તારીખ : ૧૮/૦૯/૨૦૧૭

સ્થળ : સિન્ડીકેટ હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

સમય : ૧૧:૩૦ કલાકે

- **બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવો**

| ક્રમ | નામ | હોદ્દો | ઉપસ્થિતિ |
|---|---|---|---|
| ૧. | પ્રો. ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબ | માનનીય કુલપતિશ્રી, | ઉપસ્થિત |
| ૨. | ડૉ. ધીરેન પંડ્યા | માનનીય કુલસચિવશ્રી, | ઉપસ્થિત |
| ૩. | પ્રો. ડૉ. રાજા એન. કાથડ | ચેરમેન, | ઉપસ્થિત |
| ૪. | પ્રો.ડૉ. હેમીક્ષાબેન રાવ, | સભ્યશ્રી, પ્રર્ફોમન્સ અપરાઈઝલ સમિતિ | ઉપસ્થિત |
| ૫. | પ્રો. ડૉ. જયદીપસિંહ ડોડીયા | સભ્યશ્રી,પ્રર્ફોમન્સ અપરાઈઝલ સમિતિ | ઉપસ્થિત |
| ૬. | પ્રો. ડૉ.સંજયભાઈ ભાયાણી | સભ્યશ્રી,પ્રર્ફોમન્સ અપરાઈઝલ સમિતિ | અનુપસ્થિત |
| ૭. | ડૉ. યોગેશ એ. જોગસન | સભ્યશ્રી, રીવ્યૂ કમ ઈવેલ્યુએશન સમિતિ | અનુપસ્થિત |
| ૮. | ડૉ. અશ્વિનકુમાર એચ. સોલંકી | સભ્યશ્રી, રીવ્યૂ કમ ઈવેલ્યુએશન સમિતિ | ઉપસ્થિત |
| ૯. | ડૉ. કે.એન.ખેર (એકાઉન્ટ ઓફિસરશ્રી) | ખાસ આમંત્રિત | ઉપસ્થિત |

- **બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની પ્રથમ બેઠકના એજન્ડા**

૧. ચેર–સેન્ટરની ગાઈડ–લાઈનનો અમલ અને ચેરની પ્રવૃત્તિઓ અંગેના મુદ્દા નં. ૧ થી ૧૨ સુધીની ચર્ચા અને નિર્ણય.

૨. ચેર–સેન્ટરની બિલ્ડીંગ બાબત અને રાજ્ય સરકારશ્રીને સેન્ટર માટેનું ભવન બાંધવાની ગ્રાન્ટ માટેની દરખાસ્ત બાબત.

૩. સેન્ટરની આવેલી ગ્રાન્ટમાંથી M.A., M.Phil, Ph.D, બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, કવન અને વિચારોને લઈને સંશોધન કરનાર માટે સ્પેશ્યીલ સ્કોલરશીપ આપવા બાબત.

૪. ચેર–સેન્ટરના આગામી કાર્યક્રમો બાબતે ચર્ચા અને નિર્ણય.

૫. ચેર–સેન્ટરની ગાઈડ–લાઈન અનુસાર ખર્ચ અને ખરીદી કરવા બાબતે.

૬. ચેર–સેન્ટરના સ્ટાફની ભરતી બાબત.

૭. ચેર–સેન્ટરની વેબસાઈટ બાબત.

૮. માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જે રજૂ કરવામાં આવે તે બાબત.

Address : Department of Sanskrit, Saurashtra University Campus-Rajkot-360 005. Gujarat.
E-mail : ambedakarchair@yahoo.com., rnkathad@yahoo.in Mo. : 96876 92951

- આજ રોજ ઉપર દર્શાવ્યા મુજબના સમય અને સ્થળે એજન્ડાને અનુલક્ષિને બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની પ્રથમ સલાહકાર સમિતિની બેઠક મળી. બેઠકના પ્રારંભે ચેરના ચેરમેન દ્વારા બેઠકમાં ઉપસ્થિત માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને ઉપસ્થિતિ સર્વે સદસ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને ગત વર્ષ દરમ્યાન ચેર દ્વારા થયેલા કાર્યક્રમો, ખર્ચ, ખરીદીનો લેખિત અહેવાલ સર્વેને આપવામાં આવ્યો અને થયેલી કામગીરીની જાણકારી આપવામાં આવી ત્યારબાદ એજન્ડા અનુસાર ચર્ચાનો પ્રારંભ કરવામાં આવ્યો.

<u>એજન્ડા નં.૧</u>

- ચેર–સેન્ટરના ચેરમેન દ્વારા ગુજરાત રાજ્ય સરકારના નિયામક અનુ.જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૨૦/૦૫/૨૦૧૭ના ચેરને કાર્યાન્વિત કરવા માટેની ગાઈડ–લાઈન આપવામાં આવી છે. સર્વ સભ્યશ્રીઓને આપવામાં આવી. આ ચેરની ગાઈડ– લાઈન અનુસાર કામગીરી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી દ્વારા આ ચેર– સેન્ટરને રાષ્ટ્રીય ફલક પર લાવવા માટે ગાઈડ–લાઈનમાં દર્શાવેલી પ્રવૃત્તિઓ કરવા માટેનું સૂચન કરવામાં આવ્યું.
- ત્યારબાદ ચેર–સેન્ટરની ગાઈડ–લાઈનમાં દર્શાવેલ Activates of the chair અંતર્ગત આવતા ૧૨ મુદ્દાઓના અર્થઘટનો અને તેમાં કરવાના થતા કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી જે ચર્ચા અને નિર્ણયો નીચે પ્રમાણે કર્યા.

<u>એજન્ડા મુદ્દા નં.૧(૧) (Research Work (Long/short term)</u>

- આ મુદ્દા અંતર્ગત ચેર–સેન્ટર દ્વારા બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરના જીવન, તત્ત્વજ્ઞાન, કાર્યોને અનુલક્ષીને સંશોધન પ્રોજેકટ આપવામાં આવે. રૂપિયા ૨.૫૦ લાખની મર્યાદામાં ૫ સંશોધકોને પ્રોજેકટ આપવા. એક પ્રોજેકટ માટે ૫૦ હજારની મર્યાદામાં "ડૉ.આંબેડકર ફેલોશીપ"ના નામથી ગ્રાન્ટ આપવી. આ પ્રોજેકટ માટે સંશોધન દરખાસ્ત મગાવવી અને આવેલ દરખાસ્તમાંથી ચેર–સેન્ટરની સમિતિ ઈન્ટરવ્યૂ લઈ સંશોધકની પસંદગી કરી. પ્રોજેકટ આપશે. આ પ્રોજેકટ માટે અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા

એમ.ફિલ અથવા પીએચ.ડી.હોવા જોઈએ. પ્રોજેકટ પૂર્ણ થયે સોફ્ટ કોપી અને હાર્ડકોપીની બે નકલ ચેર–સેન્ટરમાં જમા કરાવવાની રહેશે. પ્રોજેકટ અંગેના અન્ય નિયમો યુનિવર્સિટીના નિયમોનુસારના રહેશે.

**<u>એજન્ડા મુદ્દા નં.૧(૨) (Research through students / supervision of M. Phil/ LLM/ Ph.D/LLD, etc.)</u>**

- ચેર–સેન્ટર દ્વારા આ ગ્રાન્ટમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં એમ.ફિલ અને પીએચ.ડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જો તેઓ બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરજીના જીવન, તત્ત્વજ્ઞાન, કાર્યો અનુસારના લઘુશોધનિબંધ અથવા મહાશોધનિબંધના શીર્ષકો પસંદ કરી સંશોધન કરશે તેવા ઉમેદ્વારોમાંથી એમ.ફિલ માટે ૫(પાંચ) અને પીએચ.ડી. માટે ૨(બે) ફેલોશીપ આપવામાં આવશે. એમ.ફિલના સંશોધન માટે રૂા.૧૦ હજાર અને પીએચ.ડી.ના સંશોધન માટે રૂા.૨૫ હજાર ''ડૉ.આંબેડકર ફેલોશીપ'' એવા નામથી આપવામાં આવશે. આ ફેલોશીપ એક વિશેષ પ્રકારની હોય તે અન્ય સ્કોલરશીપ અને ફેલોશીપની સાથે પણ લઈ શકશે.

**<u>એજન્ડા મુદ્દા નં.૧(૩) (Organization of Seminar/Workshop)</u>**

- માર્ગદર્શિકામાં દર્શાવેલા આ મુદ્દા અંતર્ગત વર્ષમાં ૨ (બે) સેમિનાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. એક સેમિનાર રાષ્ટ્રીય કક્ષાનો ૧૪, એપ્રિલને અનુલક્ષીને કરવો અને તેના માટે બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, કવનથી અવગત રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનોને આ સેમિનાર/કોન્ફરન્સમાં બોલાવવા. બીજો સેમિનાર ૬, ડિસેમ્બરને અનુલક્ષીને રાજ્ય કક્ષાનો કરવો. વર્ષ દરમ્યાન આ બે સેમિનાર થવા જોઈએ. આ સેમિનાર માટે ૧.૫૦ લાખની ગ્રાન્ટ આપવામાં આવી પરંતુ જરૂર પડે તો યુનિવર્સિટી દ્વારા વધારાની ગ્રાન્ટ આપશે તેવું માનનીય કુલપતિશ્રી દ્વારા જણાવવામાં આવ્યું.

**એજન્ડા મુદ્દા નં.૧(૪) (Lectures (including Dr. Ambedkar Memorial Lecture)**

- આ મુદ્દા અંતર્ગત આવતી ગ્રાન્ટમાંથી યુનિવર્સિટી ભવનો, યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, તત્ત્વજ્ઞાન અને કાર્યોને અનુલક્ષીને વિષયો રાખીને વ્યાખ્યાનો ગોઠવવા આ વ્યાખ્યાનો માટે બાબાસાહેબના જીવનના મહત્ત્વના દિવસોને કેન્દ્રમાં રાખીને વ્યાખ્યાનો ગોઠવા. આ વ્યાખ્યાનમાં પ્રસિદ્ધ વિદ્વાનોને બોલાવવા અને વ્યાખ્યાન માટે આવનાર વિદ્વાનને રૂપિયા ૫ હજાર વ્યાખ્યાન પુરસ્કાર આપવો. ઉપરાંત T.A. ટ્રાઈવેલીંગ એલાઉન્સ, મોટરકારના ટ્રાવેલ્સને માન્ય રાખી આપવું.

**એજન્ડા મુદ્દા નં.૧(૫) (Publication of Books/Articles/Journals)**

- આ મુદ્દા અંતર્ગત માનનીય કુલપતિશ્રીના સૂચન અનુસાર ચેર–સેન્ટર દ્વારા સેન્ટરની પોતાની એક અર્ધ વાર્ષિક રીસર્ચ જર્નલ(શોધપત્રિકા) શરૂ કરવી. શરૂઆતમાં તેમના માટે ISSN નંબર મેળવવા અને યોગ્ય શીર્ષક પસંદ કરી સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના તત્ત્વજ્ઞાન અને કાર્યોને અનુલક્ષીને લખાયેલા શોધપત્રોને પ્રકાશિત કરવા તથા ચેર–સેન્ટરના સેમિનારમાં વંચાયેલા શોધપત્રોને પ્રકાશિત કરી શકાય.
- આ શોધપત્રિકાનું યોગ્ય વાર્ષિક લવાજમ રાખીને તેના રાજ્ય અથવા રાજ્ય બહાર કોઈપણને ગ્રાહક બનાવી શકાય. યુનિવર્સિટીની કોલેજો આ શોધપત્રિકાના સભ્ય બને તે માટે પ્રયત્નો કરવા.

**એજન્ડા મુદ્દા નં.૧(૬) (Awareness/Extension/Training Programme)**

- આ મુદ્દા અંતર્ગત બાબાસાહેબના જીવન, કાર્યો, તત્ત્વજ્ઞાન, સામાજિક સમતા, સમાનતા, બંધુતા, શિક્ષણ, ન્યાય, કાયદાઓ, સરકારી યોજનાઓ વગેરે મુદ્દાઓને અનુલક્ષીને વિદ્યાર્થી જગત અને સમાજના છેવડાના માનવીઓ સુધી બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના વિચારોને ફેલાવવા માટેના જાગૃતિ માટેના કાર્યક્રમો, ટ્રેનીંગ પ્રોગ્રામ, ગામડાઓમાં અંધશ્રદ્ધા દૂર કરવા

માટેના કાર્યક્રમો, જુદી–જુદી શોર્ટફિલ્મ, વ્યાખ્યાનો વગેરે દ્વારા બજેટની મર્યાદામાં કાર્યક્રમો કરવા.

**એજન્ડા મુદ્દા નં.૧(૭) (Participation in Seminar (s)/Conference)**

- આ મુદ્દા અંતર્ગત માનનીય કુલપતિશ્રી દ્વારા ચેર–સેન્ટરના ચેરમેન રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીની ચેરની મુલાકાત લેવી ઉપરાંત દેશમાં જ્યા ઉત્તમ પ્રકારના સેન્ટરો હોય તેની મુલાકાત લેવી જેમકે, મહારાષ્ટ્ર વગેરેમાં જવું અને તે અનુસાર આપણી યુનિવર્સિટીના આ ચેર–સેન્ટરને રાષ્ટ્રીય ફલક પર પ્રસિદ્ધિ અપાવવા માટે કામગીરી કરવી. આ ઉપરાંત જુદા જુદા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનાર/ કોન્ફરન્સમાં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, કવન, તત્ત્વજ્ઞાન વગેરેને અનુલક્ષીને સંશોધન પેપર રજૂ કરવા માટે ચેરમેન, પ્રોફેસર કે સંશોધન અધિકારી આ ગ્રાન્ટ અંતર્ગત ભાગ લઈ શકશે.

**એજન્ડા મુદ્દા નં.૧(૮) (Purchase of Books/Journals/Source Material)**

- આ મુદ્દા અંતર્ગત માનનીય કુલપતિશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, તત્ત્વજ્ઞાન, કાર્યોને ઉજાગર કરતા પુસ્તકો અને સંદર્ભ ગ્રંથોની ખરીદી કરવી. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ થયેલ આવા પુસ્તકો ખરીદી કરવા ઉપરાંત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ પ્રસિદ્ધ થયેલા ઉપર જણાવ્યા મુજબના ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના પુસ્તકો અને સંદર્ભ ગ્રંથોને ખરીદી કરવા.

**એજન્ડા મુદ્દા નં.૧(૯) (Discussions/Dialogues)**

- આ મુદ્દા અંતર્ગત બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાનને અનુલક્ષીને નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધાઓ, સ્લોગન સ્પર્ધા, ચર્ચા સત્રોનું વિવિધ પ્રાથમિક શાળાઓ, મહાશાળાઓ, મહાવિદ્યાલયો અને યુનિવર્સિટીમાં આયોજન કરવું. આમા ભાગ લેનાર વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર આપીને પ્રોત્સાહક ઈનામ, પ્રમાણપત્ર, શિલ્ડ આપવું.

- માનનીય કુલપતિશ્રી દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું કે બાબાસાહેબ ડૉ.આંબેડકરજીના જીવનને અનુલક્ષીને જેવી રીતે હિન્દી, સંસ્કૃત વગેરેની જાણકારી અને પરીચય માટેની પરીક્ષાઓ હોય છે તેવી રીતે "ભીમ ગૌરવ" એવી પરીક્ષાઓનું આયોજન કરવું.

<u>એજન્ડા મુદ્દા નં.૧(૧૦) (Inter-Chairs Collaborative Programmes)</u>

- આ મુદ્દા અંતર્ગત ચેર–સેન્ટર દ્વારા સામાજિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ, વિશ્વવિદ્યાલયો અને તેમા ચાલતા સેન્ટર કે ચેર સાથે સમન્વય સાધીને બજેટ અનુસાર કાર્યક્રમો કરવા.

<u>એજન્ડા મુદ્દા નં. ૧/૧૧–૧૨ (Phone/Fax/Stationery/ Contingency)</u>

- આ મુદ્દાઓ અંતર્ગત યુનિવર્સિટીની ખર્ચ–ખરીદીના નિયમો અને નીતિ અનુસાર ચેર–સેન્ટરના કાર્યક્રમો અને જરૂરીયાત અનુસાર ખર્ચ–ખરીદી કરવી.

<u>એજન્ડા–૨</u>

- આ ચેર–સેન્ટર માટે યુનિવર્સિટી દ્વારા હાલ એજયુકેશન ભવનમાં, એક રૂમ ફાળવવામાં આવ્યો છે. આ સેન્ટરને કામગીરી અર્થે એક અનુસ્નાતક ભવનને જેટલી જગ્યા જોઈએ તેટલી સુવિધાથી યુક્ત જગ્યા માટેની માગણી યુનિવર્સિટીને કરેલી છે. અને યુનિવર્સિટી દ્વારા આ જગ્યા ફાળવવામાં આવી છે. એજયુકેશન ભવન તેમના નવા ભવનમાં જશે ત્યારે આ એજયુકેશન ભવનનો કબ્જો ચેર–સેન્ટર મેળવશે.
- આ સેન્ટર રાષ્ટ્રીય કક્ષાનું અને ઉત્તમ બને તે માટે આ સેન્ટરને પોતાનું નવું બિલ્ડીંગ હોવું જરૂરી છે. આ માટે સરકારમાં ચેરમેનશ્રી અને યુનિવર્સિટી દ્વારા બિલ્ડીંગનો પ્લાન તૈયાર કરી સરકારમા દરખાસ્ત કરવામાં આવે તેવો નિર્ણય કરવામાં આવ્યો.

<u>એજન્ડા–૩</u>

- આ એજન્ડા અંગેની ચર્ચા અને નિર્ણય એજન્ડા નં.૧ના પેટા મુદ્દા ૨ અને ૩ માં થઈ ગયો છે.

**એજન્ડા–૪**

- આ એજન્ડા અંગેની ચર્ચા અને નિર્ણય એજન્ડા ૧ના પેટા મુદ્દા ૧થી ૧૨ મુજબ કાર્યક્રમો કરવા.

**એજન્ડા–૫**

- આ એજન્ડા અંગેની ચર્ચા અને નિર્ણય એજન્ડા નં.૧ના પેટા મુદ્દા ૨ અને ૩ માં થઈ ગયો છે.

**એજન્ડા –૬**

- આ ચેર–સેન્ટરની ગ્રાન્ટ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય,ગાંધીનગર દ્વારા આપવામાં આવે છે. તેમના દ્વારા આપવામાં આવેલી આ ચેર–સેન્ટરની ગાઈડ–લાઈન અનુસાર ભરતીમાં અગ્રતાક્રમ અને રોસ્ટર પોઈન્ટ અનુસાર સ્ટાફની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. નોન–ટીચીંગ સ્ટાફમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ–સી / કમ્પ્યૂટર ઓપરેટરને રાજ્ય સરકારની નીતિ અનુસાર ફિક્સ પગારથી શૈક્ષણિક જગ્યાઓની જાહેરાતની સાથે આપી ભરતી કરવી. હાલ પ્યૂનની પ્લેસમેન્ટથી ભરતી કરવામાં આવી છે.

**એજન્ડા–૭**

- આ સેન્ટર માટેની એક વેબ–સાઈડ તૈયાર કરવામાં આવી છે તેની કામગીરીને પૂર્ણ કરીને હવે પછીના કાર્યક્રમ તરીકે વેબ–સાઈડના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ કરવાનું માનનીય કુલપતિશ્રીએ સૂચન કર્યુ જેને અનુલક્ષીને આગામી સમયમાં આ કાર્યક્રમ કરવામાં આવશે.

**એજન્ડા –૮ માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જે રજૂ કરવામાં આવે તે બાબત.**

- આ એજન્ડા અંતર્ગત માનનીય કુલપતિશ્રી દ્વારા અને અન્ય સભ્યશ્રીઓ દ્વારા કેટલા સૂચનો કરવામાં આવ્યા જેવા કે, પ્રો. ડૉ. હેમીક્ષાબહેન રાવ દ્વારા ગુજરાતની નેશનલ લો યુનિવર્સિટીની મુલાકાત ચેરમેન લઈને ડૉ. આંબેડકરજીના જીવન–કવન અંગેની વિશેષ માહિતી પ્રાપ્ત કરી શકાય. ડૉ. અશ્વિનકુમાર સોલંકી દ્વારા ઉત્તર પ્રદેશની આંબેડકર

યુનિવર્સિટીની વેબ–સાઈટ જોવા માટેનું સૂચન કર્યું. ડૉ. કે.એન. ખેર દ્વારા બંધારણ સભાની પ્રસ્તુત થયેલી સીરીયલનો વીડીયો મેળવવાનું સૂચન કર્યું. પ્રો. ડૉ. જયદીપસિંહ ડોડીયા દ્વારા ડૉ. આંબેડકરજીના ગ્રંથો સોફ્ટ કોપીમાં જે ઉપલબ્ધ છે તે વેબ–સાઈટ પર ઉપલબ્ધ કરાવવા સૂચન કરવામાં આવ્યું. કુલસચિવશ્રી દ્વારા સેન્ટર દ્વારા થયેલા અને થનાર કાર્યક્રમોનું ડોકયુમેન્ટેશન થાય અને તે વિડિયો, ફોટા વગેરે વેબ–સાઈટમાં મૂકવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી દ્વારા એવું સૂચવવામાં આવ્યું કે ચેરમેનશ્રીએ સેન્ટરના રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાના કાર્યક્રમો પૂર્વે પ્રેસ–કોન્ફરન્સ પણ યોજવી જોઈએ અથવા જુદી–જુદી પ્રેસની મુલાકાત લઈ યુનિવર્સિટી અને રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલી આ ઉત્તમ પ્રકારની કામગીરી મીડિયા દ્વારા લોકો સુધી પહોંચે તે જરૂરી છે. આ માટે કાર્યક્રમોની પ્રેસનોટ વગેરે સમયાંતરે આપતું રહેવું જોઈએ.

- બેઠકના અંતે ચેર–સેન્ટરના ચેરમેન પ્રો. ડૉ. રાજા. એન. કાથડ દ્વારા બેઠકમાં ઉપસ્થિત માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને સેન્ટર સમિતિના સદસ્યશ્રીઓનો આભાર માનવામાં આવ્યો.

આભાર સહ......

ભવદીય

2019

પ્રો.(ડૉ.) રાજા એન. કાથડ

ચેરમેન
બાબા સાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત)

**સવિનય નકલ રવાના :**

૧. માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. માનનીય કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૩. સલાહકાર સમિતિના સદસ્યશ્રીઓ
૪. માનનીય એકાઉન્ટ ઓફિસરશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.